### વાઘોડિયા રોડને જોડતા લિંક રોડ પર ભુવા પડતાં વાહનચાલકો પરેશાન

# બે મહિના પહેલાં જ બનેલો ગાજરાવાડીનો રોડ સામાન્ય વરસાદમાં જ ધોવાઈ ગયો

**સ્થાનિક** કાઉન્સિલરે ઉઠાવ્યા ભ્રષ્ટાચારના આક્ષેપ, નવેસરથી રોડ બનાવવાની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરામાં ચોમાસાના પ્રથમ વરસાદમાં જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ગાજરાવાડી વિસ્તારમાં વાઘોડિયા રોડ અને ડી-માર્ટને જોડતો મુખ્ય માર્ગ સામાન્ય વરસાદમાં જ ધોવાઈ જતાં ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. પરિણામે રોજ હજારો વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ પર આશરે બે મહિના પહેલાં જ નવો ડામર રોડ બનાવવામાં આવ્યો હતો. જોકે પ્રથમ વરસાદમાં જ રોડની હાલત બિસ્માર બની ગઈ છે. ગાજરાવાડીના પ્રસિદ્ધ ગણપતિ મંદિર તરફ જતો આ માર્ગ હોવાથી દરરોજ મોટી સંખ્યામાં ભક્તો અહીંથી પસાર થાય છે. મંગળવારે ભક્તોની ભારે અવરજવર વચ્ચે અનેક બાઈક સ્લીપ થઈ હતી અને કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ પણ પહોંચી હતી.

આ મુદ્દે સ્થાનિક કોંગ્રેસ કાઉન્સિલરે પાલિકા તંત્રની કામગીરી પર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે માત્ર પેચવર્કથી સમસ્યાનો ઉકેલ આવતો નથી. તેમણે સમગ્ર રોડનું યોગ્ય લેવલિંગ સાથે નવેસરથી નિર્માણ કરવાની માંગ કરી હતી. સ્થાનિકોનું કહેવું છે કે સામાન્ય વરસાદમાં જ રસ્તાની આવી હાલત થઈ હોય તો ભારે વરસાદમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. તેમણે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરીને ગુણવત્તાયુક્ત રોડ બનાવવાની માંગ પણ કરી છે.

### ભોલેનાથના દરબારમાં પણ તસ્કરોનુ તાંડવ..!

# ભાયલીના ઓમકારેશ્વર મહાદેવ મંદિરની દાનપેટી તોડી રોકડની ચોરી

**મોડી રાત્રે** ત્રણ શખ્સોએ દાનપેટીનું તાળું તોડી રૂ.7 હજારથી વધુની રકમ ઉઠાવી, CCTVના આધારે પોલીસની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલા આર્ષ વિદ્યામંદિર આશ્રમના ઓમકારેશ્વર મહાદેવ મંદિરને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ત્યારબાદ દાન પેટી તોડીને તેમાંથી રોકડ રકમની ચોરી કરીને લખું ચક્કર થઈ ગયા હતા. ભાવિકોના શ્રદ્ધાના પ્રતિક સમાન દાનપેટી તોડીને રોકડ રકમ ચોરી જતાં ભક્તોમાં રોષ અને દુઃખની લાગણી ફેલાઈ છે. તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે તસ્કરોનું પગેરુ મેળવવા તજવીજ હાથ ધરી છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલા ભગવાન અને માતાજીના મંદિરોને તસ્કરો નિશાન બનાવી ચોરી કરીને ફરાર થઈ જતા હોય છે. જાણે તસ્કરોને કોઈ પ્રકારનો ભગવાનનો પણ ડર રહ્યો ન હોય તેમ ચોરીને અંજામ આપી રહ્યા છે ત્યારે વધુ એક વાર ત્રણ જેટલા ચોર હોય ભાયલી સ્થિત આર્ષ વિદ્યામંદિર આશ્રમના ઓમકારેશ્વર મહાદેવ મંદિરમાં મોડી રાત્રે ત્રાટક્યા હતા અને દાનપેટીનું તાળું તોડી અંદાજે રૂ.7 હજારથી વધુની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ઘટના 3 જુલાઈની રાત્રે લગભગ 1થી 2 વાગ્યાની વચ્ચે બની હતી. ચોરોએ કોઈ સાધનની મદદથી દાનપેટી તોડી તેમાં રહેલી ભાવિકોની દાનની રકમ ચોરી હતી. આ મામલે સ્વામી ધન્યાનંદજી સરસ્વતીની ફરિયાદના આધારે વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

### મસમોટા વીજ બિલથી નિઝામપુરાના રહીશોનું વીજ કચેરીએ હલ્લાબોલ

# પેન્શનપુરા-આંબેડકર ચોક સ્લમ એરિયા રૂ.૩ હજારના બદલે રૂ.૨૯ હજારનું બિલ

**બિલિંગમાં** ભૂલની શક્યતા, તપાસ બાદ યોગ્ય કાર્યવાહીનું એમજીવીસીએલનું આશ્વાસન



(પ્રતિનિધિ) વડોદરા, તા. 8

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલા પેન્શનપુરા અને આંબેડકર ચોક સ્લમ વિસ્તારના રહીશોને અચાનક મસમોટા વીજ બિલ મળતાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. સામાન્ય રીતે રૂ.2,500થી રૂ.3,000 સુધીનું બિલ ભરતા પરિવારોને કેટલાક કિસ્સામાં રૂ.29 હજાર સુધીના બિલ મળ્યા હોવાનું સામે આવ્યું છે.

આ મુદ્દે સ્થાનિકોએ ફતેગંજ સ્થિત એમજીવીસીએલ કચેરીએ પહોંચી વિરોધ નોંધાવ્યો હતો અને જવાબદાર અધિકારીઓને આવેદનપત્ર આપ્યું હતું. સ્થાનિક મનોજ સોલંકીએ જણાવ્યું કે છેલ્લા ચાર મહિનાથી વીજ બિલ મળ્યું નહોતું. ત્યારબાદ એકસાથે બિલ આપતાં અસાધારણ રકમ જોઈ લોકો ચોંકી ઉઠ્યા હતા.

ફતેગંજ વીજ કચેરીના નાયબ ઈજનેર પરેશ કદમે જણાવ્યું કે બિલિંગમાં ટેકનિકલ અથવા માનવીય ભૂલની શક્યતા નકારી શકાય નહીં. સ્થાનિકોની રજૂઆતને ગંભીરતાથી લઈને તમામ કેસની તપાસ કરવામાં આવશે અને જ્યાં ભૂલ જણાશે ત્યાં તાત્કાલિક સુધારો કરવામાં આવશે.

અધિકારીઓના આશ્વાસન બાદ મામલો શાંત પડ્યો હતો. જોકે, સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો વહેલી તકે ખોટા બિલોમાં સુધારો નહીં થાય તો તેઓ ઉગ્ર આંદોલન કરશે.

# આજવા રોડ-એકતાનગર માર્ગ પર તિરાડો અને ભુવો : કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા માગણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરાના આજવા રોડથી એકતાનગર તરફ જતા મુખ્ય માર્ગ પર કરોડોના ખર્ચે બનાવાયેલો નવો રોડ ચોમાસાના પ્રથમ વરસાદમાં જ બેસી જતાં પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. રસ્તા પર મોટી તિરાડો અને ભુવો પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આશરે એક મહિના પહેલાં જ મેયર, પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરે આ માર્ગની મુલાકાત લઈને પ્રી-મોન્સૂન કામગીરીની સમીક્ષા કરી હતી. જોકે થોડા જ દિવસોમાં રોડની હાલત બિસ્માર બની જતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. લોકોનો આક્ષેપ છે કે હલકી ગુણવત્તાના મટીરિયલ અને યોગ્ય પુરાણ ન કરવાના કારણે સામાન્ય વરસાદમાં જ રસ્તો ધસી ગયો છે. સ્થાનિકો અને સામાજિક આગેવાનોએ જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરી તેને બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. સાથે જ સમગ્ર માર્ગનું ગુણવત્તાયુક્ત રીતે નવેસરથી નિર્માણ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

### એસએમસીની કાર્યવાહી બાદ કપૂરાઈ પોલીસનું નાક કપાયું

# કપૂરાઈમાં એસએમસીનો દરોડો, રૂ.૯૩ લાખનો દારૂ અને ટ્રક જપ્ત

**રૂ.૭૮ લાખનો** વિદેશી દારૂ ઝડપાયો, ટ્રકનો ક્લીનર ઝડપાયો; ૪ આરોપી ફરાર



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના કપૂરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોકડી નજીક આવેલી મહાદેવ હોટેલ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી રૂ.78 લાખના વિદેશી દારૂ સાથે કલીનરને ઝડપી પાડયો હતો. દારૂનો જથ્થો અને આઈસર સહિત રૂ.93.06 લાખનો મુદ્દામાલ કબજે કરવામા આવ્યો છે. એસએમસી રેડ પડી જથ્થો ઝડપી પાડ્યો સ્થાનિક કપૂરાઈ પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી. પી.આઈ સહિતના સ્ટાફની કામગીરી અંગે સવાલો ઉઠી રહ્યા છે અને એસએમસીએ કપૂરાઈ પોલીસનો નાક કાપી નાખ્યો હોય તેવી ચર્ચાઓ પણ જોર પકડી રહી છે.

શહેર અને જિલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગેરકાયદે ધમધમતા દારૂના અડ્ડા તથા થતી હેરાફેરી ઉપર વારંવાર સપાટો બોલાવવામાં આવતો હોય છે ત્યારે ફરી વાર આ એસએમસીની ટીમ કપુરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની મોટી રેડ કરી છે. જેના પગલે કપુરાઈ પોલીસ સ્ટેશનનું નાક કપાયું હોય તેવી ચર્ચા વિસ્તારમાં ચોર પકડ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ વી.એન. જાડેજાની ટીમને મળેલી બાતમીના આધારે કપૂરાઈ ચોકડી પાસે આવેલી મહાદેવ હોટલ નજીક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ટ્રકમાંથી વિદેશી દારૂની 500 પેટીઓમાં ભરેલી 22,116 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.78 લાખ થાય છે. એસએમસી દારૂનો જથ્થો અને ટ્રક સહિત અન્ય મુદ્દામાલ મેળવી રૂ.93. 06 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. દરમિયાન ટ્રકના ક્લીનર દમન સુરેશકુમાર શર્માની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ટ્રક ડ્રાઈવર, દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આટલા મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો કપૂરાઈ પોલીસ સ્ટેશનની હદમાં પહોંચ્યો હોવા છતાં સ્થાનિક પોલીસને તેની ગંધ શુધ્ધા ન થઈ અને એસએમસીએ દરોડો પાડી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હોવાને કારણે સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

### અટલાદરામાં શાળાની સામ જ રસ્તા પર ભુવો, ટ્રાફિક પોલીસે બેરિકેટિંગ કર્યું



■ ભારે વરસાદ બાદ અટલાદરાના બીએપીએસ હોસ્પિટલ અને મંદિર સામેના મુખ્ય માર્ગ પર મસમોટો ભુવો પડતાં વાહનચાલકોમાં ભય ફેલાયો છે. ભુવો સરકારી શાળાની નજીક હોવાથી વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી વડોદરા ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે જોખમી વિસ્તારને બેરિકેટિંગ કરીને વાહનવ્યવહાર નિયંત્રિત કર્યો તેમજ શાળા છૂટવાના સમયે બાળકોને સુરક્ષિત રીતે રસ્તો પાર કરાવ્યો. સ્થાનિકોના જણાવ્યા મુજબ ડ્રેનેજ કામગીરી બાદ યોગ્ય પુરાણ ન થતાં રસ્તો ધસી ગયો છે. તેમણે મહાનગરપાલિકાએ તાત્કાલિક સમારકામ કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## લહેરીપુરા ન્યૂ રોડ પર ગંદકીથી સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરાના લહેરીપુરા ન્યૂ રોડ પર ગંદકી અને કચરાના ઢગલાથી સ્થાનિકો તથા વેપારીઓ પરેશાન બન્યા છે. ચોમાસામાં અસહ્ય દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવને કારણે રોગચાળાની ભીતિ પણ વધી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે કોર્પોરેશન દ્વારા માત્ર વી.આઈ.પી. મુલાકાત વખતે જ સફાઈ કરવામાં આવે છે, જ્યારે સામાન્ય દિવસોમાં વિસ્તારની અવગણના થાય છે. મુખ્ય માર્ગ હોવા છતાં લાંબા સમયથી ગંદકી દૂર કરવામાં આવી નથી. રહેવાસીઓએ જણાવ્યું છે કે આગામી 48 કલાકમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો કાઉન્સિલરો અને મહાનગરપાલિકા કચેરીનો ઘેરાવ કરીને ઉગ્ર વિરોધ કરવામાં આવશે. તેમણે તંત્ર પાસે તાત્કાલિક સફાઈ અભિયાન હાથ ધરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## પાલિકાના પરિસરમાં જ પેવર બ્લોક બેસી ગયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા મહાનગર સેવાસદનના મેયર ગેટની અંદર અને સભા સેક્રેટરીની કચેરી બહાર આવેલા પાર્કિંગ વિસ્તારમાં પેવર બ્લોક બેસી જતાં વિકાસ કાર્યોની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છ મહિના પહેલાં કેબલ નાખવાની કામગીરી બાદ યોગ્ય પુરાણ અને રોલિંગ કર્યા વિના પેવર બ્લોક બિછાવવામાં આવ્યા હતા. પ્રથમ વરસાદમાં જ બ્લોક બેસી જતાં ત્યાં ખાડો પડી ગયો છે. ઘટનાને પગલે સેવાસદનમાં આવતા નાગરિકો અને કર્મચારીઓમાં ચર્ચા જાગી છે. સ્થાનિકો અને વિપક્ષે સમગ્ર મામલે જવાબદાર એજન્સીની તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ખામીયુક્ત સ્થળનું તાત્કાલિક ગુણવત્તાસભર સમારકામ કરવામાં આવે અને ભવિષ્યમાં આવી બેદરકારી ન થાય તે માટે જવાબદારી નક્કી કરવાની પણ માંગ ઉઠી છે.

# પેરોલ જમ્પ કરી ગયેલો પત્નીની હત્યા કરનાર આરોપી ઝડપાયો

**કાલોલના** નેવરીયા ગામના ખેતરમાંથી એક કિલોમીટર પીછો કરી આરોપીને ઝડપી પાડ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

પત્નીને માનસિક અને શારીરિક ત્રાસ આપી હત્યા કરવાના ગુનામાં સાત વર્ષની સજા ભોગવી રહેલો કેદી પેરોલ પૂર્ણ થયા બાદ જેલમાં પરત હાજર ન થતાં ફરાર થયો હતો. વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે હ્યુમન સોર્સની માહિતીના આધારે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના નેવરીયા ગામ નજીકના ખેતરમાંથી તેને ઝડપી ફરી વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કર્યો છે.

ડીસીપી હિમાંશુ કુમાર વર્માના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ દરમિયાન આરોપી રમેશ મનુ નાયક નેવરીયા ગામના ખેતરોમાં છુપાયો હોવાની માહિતી મેળવી હતી. પોલીસ ટીમ સ્થળ પર પહોંચતાં આરોપી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે આશરે એક કિલોમીટર સુધી પીછો કરીને તેને ઝડપી લીધો હતો.

રમેશ મનુ નાયકને વર્ષ 2022માં પત્નીની હત્યાના ગુનામાં સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી. તેને 7 મેના રોજ સાત દિવસની પેરોલ રજા અપાઈ હતી, પરંતુ 15 મેના રોજ જેલમાં પરત ફરવાને બદલે તે ફરાર થઈ ગયો હતો. કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આરોપીને ફરી વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

### વડોદરામા પીસીબીનો સપાટો : ૧.૬૧ લાખનો દારૂ જપ્ત

# બે અલગ-અલગ દરોડામાં રૂ.૯.૦૩ લાખથી વધુનો દારૂ, વાહન સહિતનો મુદ્દામાલ જપ્ત

**ત્રણ** આરોપીઓ ઝડપાયા, રાજસ્થાનના બે વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર પોલીસ કમિશનરની સુચના હેઠળ પીસીબીની ટીમે પ્રોહિબિશન વિરોધી ઝુંબેશ દરમિયાન બે અલગ-અલગ સ્થળોએ બે જગ્યા પર દરોડા પાડી રૂ.1.61 લાખન ઉપરાંતનો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. વિદેશી દારૂ અને ટેમ્પો સહિત રૂ. 9.03 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જ્યારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી બે વોન્ટેડ આરોપીઓને શોધવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પીસીબીના પીઆઈ પોલીસ ઈન્સ્પેક્ટર જે.આર. ગામીતની સુચના હેઠળ ટીમ કાર્યવાહી કરી રહી હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે પ્રથમ દરોડો ગોલ્ડન ટોલ નાકા નજીક પાડવામાં આવ્યો હતો. હાલોલ તરફથી આવી રહેલા આઈસર ટેમ્પોને અટકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ધર્મેન્દ્ર કાલુરામ ચંડેલ અને પુષ્કર ભગવાનલાલ ખટીકની ધરપકડ કરી હતી, જ્યારે રાજસ્થાનનો રાજુ નામનો સપ્લાયર ફરાર હોવાનું બહાર આવ્યું છે. આ કેસમાં દારૂ, ટેમ્પો, મોબાઈલ ફોન, રોકડ સહીઓ રૂ. 7.84 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજા દરોડામાં પીસીબીની ટીમે ઓલ્ડ પાદરા રોડ પર પૂર્ણિમા રેસીડન્સી વિસ્તારમાં રેડ કરી મહેશ મહીજી પરમારને રૂ.89 હજારની 337 બોટલ અને ટીન સહિતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી રૂ. 1.19 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તપાસ દરમિયાન દારૂનો સપ્લાયર રાજસ્થાનના બાંસવાડાનો રવિ હોવાનું સામે આવ્યું છે, જે હાલ ફરાર છે.

## વીરોદ ગામે મહિલાને સાપ કરડ્યો, સયાજી હોસ્પિટલમાં દાખલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા નજીકના વીરોદ ગામમાં 44 વર્ષીય મહિલાને સાપ કરડતાં તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ બાદ પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી.

વીરોદ ગામની નવીનગરીમાં રહેતા ગીતાબેન રાઠોડિયાને ઘરના આંગણામાં કામ કરતી વખતે અચાનક સાપે ડંખ માર્યો હતો. સાપ કરડ્યા બાદ તેમને ગભરામણ અને અશક્તિ અનુભવાતા પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ સારવાર ચાલી રહી છે. ચોમાસાની ઋતુમાં સાપ અને અન્ય ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધતો હોવાથી આરોગ્ય વિભાગે ગ્રામ્ય વિસ્તારોના લોકોને ખાસ સાવચેતી રાખવાની અપીલ કરી છે. રાત્રિના સમયે બહાર નીકળતી વખતે ટોર્ચનો ઉપયોગ કરવા તેમજ સાપ કરડે તો વિલંબ કર્યા વિના નજીકની હોસ્પિટલમાં સારવાર લેવા સૂચના આપવામાં આવી છે.

# કર્મચારીને પગાર વધારો ન મળતા ૩ કારમાં તોડફોડ કરી ૨ લાખ ચોરી લીધા

**અટલાદરા** ખાતે ઓફિસ પર ધસી આવી આશરે રૂ. 9 લાખનું નુકસાન પહોંચાડ્યું

**જાનથી** મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા 8

વડોદરાના અટલાદરા વિસ્તારમાં પગાર વધારો ન મળતાં નારાજ થયેલા કર્મચારીએ ઓફિસ બહાર પાર્ક કરેલી ત્રણ કારમાં ક્રિકેટના બેટ વડે તોડફોડ કરી આશરે રૂ.9 લાખનું નુકસાન પહોંચાડવામા આવ્યુ હતુ . એટલું જ નહીં, કારમાંથી રૂ.2 લાખની ચોરી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી ફરાર થઈ ગયો હતો.

માંજલપુર સ્થિત લીલામણી રેસિડન્સીમાં રહેતા જતીન રમેશભાઈ પટેલે નોધાવેલી ફરિયાદ મુજબ માલવ દિલીપકુમાર પટેલ (રહે. જાસ્પર હોમ્સ, સેવાસી રોડ, વડોદરા) તેમની ઓફિસમાં નોકરી કરતો હતો અને છેલ્લા કેટલાક સમયથી પગાર વધારાની માંગણી કરતો હતો. પગાર વધારો કરવાની ના પાડતા આરોપીએ આક્રોશમાં આવી 7 જુલાઈની સાંજે સમન્વય સ્ટેટસ, અટલાદરા-પાદરા મેઈન રોડ પર આવેલી ઓફિસ બહાર પોતાની કાર લઈને પહોંચ્યો હતો.

આરોપીએ ક્રિકેટના બેટ વડે તેમના ભાઈ અલ્પેશની સ્વિફ્ટ કાર, મર્સિડીઝ કાર તેમજ વિનયભાઈની ફોર્ચ્યુનર કારના કાચ અને આગળની લાઈટોના કાચ તોડી અંદાજે રૂ.9 લાખનું નુકસાન કર્યુ હતુ. ઉપરાંત સ્વિફ્ટ કારમાં રાખેલા કાળા રંગના બેગમાંથી રૂ.2 લાખની રોકડ રકમ ચોરી કરી હોવાનો પણ આરોપ લગાવાયો છે.

આરોપીએ તેમને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાની કારમા ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અટલાદરા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## રૂ.૪.૭૫ કરોડના કૌભાંડમાં આગોતરા જામીન ફગાવાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરાની ધરતી એસોસિએટ્સમાં રૂ.4.75 કરોડના કથિત દસ્તાવેજી કૌભાંડ કેસમાં આરોપી યશવી મહેશ પંચાલની આગોતરા જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે.

ડીસીબી પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ફર્મના નામે ખોટી સહી, નકલી સિક્કા અને બનાવટી દસ્તાવેજોના આધારે બોગસ વેચાણ દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત ફર્મના નામે બોગસ બેંક ખાતું ખોલાવી કરોડો રૂપિયાના ફ્લેટોના ગેરકાયદે વ્યવહારો કરાયા હોવાના આક્ષેપ છે.

બચાવ પક્ષે કેસ દસ્તાવેજી પુરાવા આધારિત હોવાથી કસ્ટડી જરૂરી ન હોવાનું જણાવ્યું હતું. જોકે સરકાર પક્ષ અને ફરિયાદીની દલીલો તેમજ તપાસના દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને અદાલતે જામીન અરજી ફગાવી હતી. હાલ સમગ્ર મામલે ડીસીબી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### કુંભકર્ણ નિદ્રામાં પાલિકા, ફરિયાદ મળે ત્યારે જ યાદ આવે છે 'દબાણ મુક્તિ'

# શહેરભરમાં દબાણ હટાવવાની કવાયત માત્ર કાગળ પર, ટ્રાફિકની સમસ્યા યથાવત



(પ્રતિનિધિ), વડોદરા. તા.૮

શહેરમાં વડોદરા મહાનગર પાલિકાના દબાણ શાખાના અધિકારીઓ આજે ફરી એકવાર 'સક્રિય' થયાનું નાટક ભજવતા જોવા મળ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો અને ટ્રાફિક પોઈન્ટ્સ પર વર્ષોથી જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે પાલિકાએ 'દબાણ હટાવો ઝુંબેશ'ના નામે એક દિવસીય કવાયત હાથ ધરી હતી, પરંતુ નાગરિકોના મનમાં તો એક જ સવાલ છે, શું આ કામગીરી કાયમી ઉકેલ છે કે માત્ર ફોટા પડાવવાનો દેખાડો ? પાલિકાની ટીમે આજે કમાટીબાગ, મંગલ પાંડે બ્રિજ, ગોલ્ડન બ્રિજ નીચે, વૃંદાવન ચાર રસ્તા, GSFC ફર્ટિલાઈઝર બ્રિજ, પરિવાર ચાર રસ્તા, છાણી કેનાલ, ગુરુકુલ ચાર રસ્તા, તરસાલી સર્કલ અને ભવન સ્કૂલ સહિતના વિસ્તારોમાં લારી-ગલ્લા હટાવવાની કામગીરી કરી હતી. આ ઉપરાંત, વોર્ડ નં. ૧૪, ૨, ૫, ૧૧ અને ૧૫ ની ટીમો દ્વારા ઓનલાઈન ફરિયાદોને આધારે પદ્માવતી શોપિંગ સેન્ટર, સમા કેનાલ રોડ, મહાવીર હોલ, ઉમા ચાર રસ્તા અને અક્ષર ચોકથી યોગા સર્કલ સુધી દબાણ હટાવવામાં આવ્યા હતા. સૌથી મોટો કટાક્ષ એ છે કે પાલિકા મોટાભાગની કાર્યવાહી ત્યારે જ કરે છે જ્યારે ઓનલાઈન ફરિયાદ નોંધાય છે. એટલે કે, જ્યાં સુધી નાગરિકો પોતે પરેશાન થઈને ફરિયાદ ન કરે, ત્યાં સુધી તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય છે. લારીઓ અને સામાન જપ્ત કરીને તેને ગોડાઉનમાં ભરવાથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા કાયમી હલ થઈ જશે ? કદાચ તંત્રને પણ ખબર છે કે આવતીકાલે સૂર્યોદય થતાં જ આ જ સ્થળોએ ફરીથી લારીઓનો કબજો જામી જશે. શહેરના ટ્રાફિકથી ધમધમતા રસ્તાઓ પર દબાણ કરનારાઓ સામે માત્ર લારી હટાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

## LRD ભરતીની ફાઈનલ આન્સર-કી વેબસાઈટ પર મુકાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ગુજરાત પોલીસ ભરતી બોર્ડે 14 જૂન, 2026ના રોજ યોજાયેલી લોકરક્ષક દળ (LRD) ભરતી પરીક્ષાની ફાઈનલ આન્સર-કી સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરી છે. પરીક્ષા આપનાર લાખો ઉમેદવારો હવે બોર્ડની વેબસાઈટ પરથી આન્સર-કી ડાઉનલોડ કરી પોતાના જવાબોની ચકાસણી કરી શકશે.

બોર્ડના જણાવ્યા મુજબ ઉમેદવારોનું પરિણામ ફાઈનલ આન્સર-કીના આધારે તૈયાર કરવામાં આવશે. ઉમેદવારોને માત્ર સત્તાવાર વેબસાઈટ પરથી જ માહિતી મેળવવા અને સોશિયલ મીડિયા કે અન્ય બિનસત્તાવાર સ્ત્રોતો પર વિશ્વાસ ન કરવાની સલાહ આપવામાં આવી છે. આન્સર-કી જાહેર થયા બાદ ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા તરીકે શારીરિક કસોટી (PET) અને દસ્તાવેજ ચકાસણી હાથ ધરવામાં આવશે. ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ દળમાં નવા લોકરક્ષકોની નિમણૂક કરવામાં આવશે.